ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ગુજરાત રાજ્યમાં ડેરી ઉદ્યોગના વિકાસનો એક અભ્યાસ

**ટાલીયા ચનાભાઈ ભીખાભાઈ**
PhD Scholar
Department of Economics
Saurashtra University

**સારાંશ**

ભારતમાં સ્વતંત્રતા પછી પશુપાલન અને તેમની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયેલો જોવા મળે છે. ગુજરાતમાં પણ પશુપાલન પ્રવૃત્તિનો વિકાસ થયો છે. ખેતીની સાથે પશુપાલન ને પણ વ્યવ સાયિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. જેને કારણે ઉધોગનો વિકાસ થયો છે.

**પ્રસ્તાવના**

ભારત દેશ એ ગામડાઓનો બનેલો દેશ છે. ગ્રામીણ સમાજ નો ઢાંચો કૃષિ આધારિત ઉધોગ પર છે. કૃષિક્ષેત્રમાં અવારનવાર દુષ્કાળ સુવિધાઓનો અભાવ વરસાદ આધારિત વગેરે કારણોને ધ્યાનમાં લઈએ તો કાયમી રોજગારી મળી શકતી નથી અને જેની સીધી અસર ગ્રામીણ સમાજ પર જોવા મળે છે. જેમ કે ગરીબી બેકારી શિક્ષણનું નબળું વગેરે ડેરી ઉધોગ અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ છે. બીજા વિશ્વયુદ્ધ પછી અંગ્રેજ અમલદારો તેમજ સૈનિકો માટે દૂધ અને દૂધની બનાવટો ની માંગ વધી હતી. માંગ વધતા ખાનગી ડેરી પોલસન, કેવેન્ટ, લોર્ગ વગેરે ડેરી વિકાસ કરતી રહી આ ખાનગી ડેરી દ્વારા ગ્રામીણ દૂધ ઉત્પાદકો નું શોષણ થતા ખેડૂતોમાં અસંતોષ થયો અને તેમાંથી સહકારી ધોરણે દૂધ મંડળીઓ અસ્તિત્વમાં આવી દૂધનો વ્યવસાય બારેમાસ ચાલુ રહે છે તેથી પ્રસ્તુત અભ્યાસમાં ડેરી ઉધોગ એ લોકોને કઇ રીતે મહત્વનું છે તે માટેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

ચાવીરૂપ શબ્દો: ડેરી, દૂધ, દૂધ ઉત્પાદકો, પશુપાલન

## ગુજરાતમાં ડેરી ઉધોગનો વિકાસ

ભારત વાર્ષિક દૂધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રીમ સ્થાન ધરાવે છે. તેવી જ રીતે ગુજરાત રાજ્યએ દેશનું દૂધ ઉત્પાદન માટેનું પ્રમુખ રાજ્ય છે. ગુજરાતમાં ડેરી ઉધોગ નો વિકાસને દેશમાં સામાજિક – આર્થિક પરિવર્તનના એક મહત્વના ઘટક તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બનાવવા માટે કૃષિ બાદ ડેરી ઉધોગ એક મુખ્ય વિવો આઇ રહેલો છે. કૃષિ અને ડેરી ઉધોગ એકબીજા સાથે પરસ્પર નું અવલંબન રહેલું છે. ઓપરેશન ફ્લડ 1970 માં શરૂ થયું હતું. જેના મુખ્ય ઉદ્દેશો છે કે દૂધનું ઉત્પાદન વધારવું ગ્રામીણ વિસ્તારોની આવકમાં વધારો કરવો અને ગ્રાહકોને વ્યાજબી ભાવે દૂધ પૂરું પાડવું. ઓપરેશન ફ્લડ ના ત્રણ તબક્કામાં સફળતાએ ભારતને દૂધ ઉત્પાદ

નમાં ટોચનું સ્થાન આપ્યું છે. આંતરરાષ્ટ્રીય દૂધ ઉત્પાદનના ક્ષેત્રમાં ભારતે વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે. આપણા દેશમાં 20મી સદીના મધ્ય ભાગથી દૂધ વેચાણ અંગે પશુપાલકોમાં થોડી જાગૃતિ આવી દૂધ પણ પૂર્વક આવકનું સાધન છે અને તેના બજાર વિશે દૂધ ઉત્પાદકો ઉત્સાહી થયા છતાં પણ ખાનગી ડેરીના વેપારીઓએ પોતાના નફા ને ધ્યાનમાં લઈને દૂધની ખરીદી કરતા હતા. વર્ષ 1930 માં પોલસન ડેરી આણંદ ખાતે શરૂઆત થઇ હતી.1939 માં દેશમાં સૌપ્રથમ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં ચોર્યાસી તાલુકા દૂધ વેચાણ કરનારી સહકારી મંડળીની સ્થાપના થઇ. અલીગઢમાં કેવેનર ડેરી ની શરૂઆત ચાલીસના દસકામાં થઈ આણંદની પોલસન ડેરી (ખાનગી ડેરી )નો વિચાર તોડવા તથા દૂધ ઉત્પાદકોને વ્યાજબી ભાવ મળી રહે તે માટે વ્યવસ્થિત રીતે સહકારી ધોરણે
ડેરી શરૂ કરવા માટે 4 જાન્યુઆરી 1946ના દિવસે શ્રી મોરારજીભાઈ દેસાઈના અધ્યક્ષ નીચે આણંદ નજીકના સામરખા ગામે એક મિટિંગ મળી. જેમાં જાણે વિના સહકાર નહિ ઉદ્ધાર સૂત્રને ચરિતાર્થ કરવાનું યોગ્ય પ્લેટફોર્મ મળી ગયું. શ્રી ત્રિભોવનદાસ ભારે જહેમત ઉઠાવી અને તેના પરિણામે ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘની વિધિસર નોંધણી થઇ આના ફળસ્વરૂપે 7 ઓક્ટોબર 1946ના રોજ હાડગુડ ગામ ની મંડળી ની સહકારી મંડળી તરીકેની નોંધણી કરવામાં આવી 4 ડિસેમ્બર 1946ના રોજ ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ ને રજીસ્ટર કરવામાં આવ્યો અને આમ અમૂલ ડેરી નો ઉદ્ભવ થયો.

અમુલ બ્રાન્ડ ઘણી પ્રચલિત છે જે દેશના બધા જ રાજ્યોમાં પ્રચલિત છે અને અન્ય દેશોમાં પણ તેટલી જ પ્રચલિત છે. સહકારી આંદોલન દ્વારા દુધ ની ખરીદી એ રાજ્ય નુ મુખ્ય હાર્દ છે. રાજ્ય મા ગ્રામ્ય સ્તરે 19576 દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ 102 સંગ્રહ કેન્દ્રો અને જિલ્લા સ્તરે 18 ડેરી પ્રોસેસિંગ એકમો કાર્યરત છે. રાજ્ય સરકારે ડેરી વિકાસ માટે સહકારી આંદોલનને સંપૂર્ણ ટેકો આપ્યો છે. 22 સહકારી ડેરી સંઘોની દુધ ઉત્પાદન ક્ષમતા કુલ 250.4 લાખ લિટર/દિવસ છે. અને તેઓ 237.03 લાખ લિટર/દિવસ દૂધનું ઉત્પાદન કરે છે. વર્ષ 2018–19 દરમિયાન 22 ડેરી સહકારી સંઘો પાસે 102 ચિલિન્ગ પ્લાન્ટ છે કે જેની સંગ્રહ ક્ષમતા 72.42 લાખ લિટર/દિવસ છે.

**હેતુઓ**

1. ડેરીના વિકાસ અંગે માહિતી મેળવી

2. દૂધના ઉત્પાદન વિશે માહિતી મેળવવી

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

## સંદર્ભ સાહિત્ય

૧) દેસાઇ એસ.એ. અને વાંસિયા વાય.એન.(૨૦૧૫–૧૬)

અત્રે પ્રસ્તુત પુસ્તકમાં સહકારી ખેતી અંગે ચર્ચા કરવામાં આવી છે.વૈયક્તિક ખેતી કેટલાક અગ્ત્યના લાભ ધરાવે છે. ભારત જેવા દેશમાં તો તેની સંસ્કૃતી અને સંસ્કારીતા પણ ખેતી પર આધારીત છે. રશિયા,ચીન જેવા દેશોમાં સામુહિક ખેતીનો પ્રયોગ ધ્યાન ખેંચે એવો છે.કૃષી–સુધારણાની બબતમાં સામુહિક ખેતી દ્વારા મહત્વની પ્રગતી સાધી શકાય છે.સહકારી ખેતી મંડળીથી સાધનોનો બચાવ થશે,પહેલા જેટલી જમીન ખેડવા માટે હવે ઓછાં બળદ,ઓછાં હળ તેમજ અન્ય સાધનો જોઈશે.

૫) મનીષકુમાર અને અન્ય (૨૦૧૫)

આ સંશોધન અભ્યાસમાં સંયુક્તરૂપે હરિયાણા, રાજ્યના રેવારી જિલ્લા બે તાલુકા રેવારી અને બાયલના ચાર ગામોમાંથી હેતુલક્ષી નિદર્શન પદ્ધતિ દ્વારા ૧૨૦ દૂધ ઉત્પાદક કુંટુબો કે જેમા ૭૨ નાના , ૨૭ મધ્યમ અને ૨૧ મોટા ખેડૂતો રીતે પસંદ કરવામાં આવ્યા.આ અભ્યાસના તારણો મુજબ વાર્ષિક સરેરાશ કુલ વળતર ગાય અને ભેંસ માટે અનુક્રમે ૪૬૯૫૩ અને ૬૦૧૦૨ રૂપિયા હતુ. જે ગાય કરતા ભેંસનું વળતર વધુ ઉંચુ બતાવે છે. ગાય અને ભેંસમાં સરેરાશ વાર્ષિક ચોખ્ખુ વળતર અનુક્રમે ૨૧૧૯૮ અને ૨૯૭૯૦ રૂપિયા જોવા મળ્યુ. વધુ પશુઓ ધરાવતા કુંટુંબોમાં આ વળતર વધારે જોવા મળે છે.

## માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યમાં પ્રકાશિત થયેલા જુદા-જુદા અહેવાલો, પુસ્તકો, વેબસાઇટ, સર્વે વગેરેનો ઉપયોગ કરી ગૌણ માહિતીનું એકત્રીકરણ કરીને ગૌણ માહિતીના આધારે સંશોધન લેખ તૈયાર કરવામાં આવેલ છે.

## માહિતીનું પૃથક્કરણ

આ અભ્યાસમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.આ અભ્યાસમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

1.દૂધ ઉત્પાદન (લાખ લીટર પ્રતિ દિવસ **llpd)** અંગેની વિગતો.

| YEAR | LLPD |
|---|---|
| 2009-10 | 235.21 |
| 2010-11 | 247.93 |
| 2011-12 | 260.40 |
| 2012-13 | 274.36 |
| 2013-14 | 295.59 |
| 2014-15 | 310.96 |
| 2015-16 | 326.17 |
| 2016-17 | 340.05 |
| 2017-18 | 360.93 |
| 2018-19 | 385.49 |

ટેબલ નંબર 1માં દૂધ ઉત્પાદન લાખ લીટર પ્રતિ દિવસ અંગેની વિગતો દર્શાવવામાં આવી છે. આ માહિતી 2009-10થી લઈને 2018-19 સુધીની આપવામાં આવેલી છે. આ માહિતી ગુજરાત રાજ્ય દ્વારા પ્રકાશિત રિપોર્ટ 36th survey report on estimate of major livestock products for the year 2018-19 માંથી મેળવવામાં આવી છે. વર્ષ 2009-10માં દુધ ઉત્પાદન 235.21 લાખ લીટર પ્રતિ દિવસ છે. જે વર્ષ 2018-19 ના 385.49 લાખ લીટર પ્રતિ દિવસ છે. આમ આ 10 વર્ષ ના સમયમાં દૂધના ઉત્પાદનમાં 150.28 લાખ લીટર પ્રતિ દિવસ જેટલો વધારો થવા પામ્યો છે. જે દૂધ ઉત્પાદન ક્ષેત્રે એક મહત્વની સિદ્ધિ ગણાવી શકાય.

2. અંદાજિત દૂધ ઉત્પાદન ટનમાં (ગુજરાત રાજ્ય)અંગેની વિગતો.

| YEAR | MTonnes |
|---|---|
| 2009-10 | 8843 |
| 2010-11 | 9321 |
| 2011-12 | 9817 |
| 2012-13 | 10315 |

| | |
|---|---|
| 2013-14 | 11113 |
| 2014-15 | 11691 |
| 2015-16 | 12262 |
| 2016-17 | 12784 |
| 2017-18 | 13569 |
| 2018-19 | 14492 |

ટેબલ નંબર 2માં અંદાજિત દૂધ ઉત્પાદન ટનમાં (ગુજરાત રાજ્યની) ની માહિતી દર્શાવવામાં આવી છે. આ માહિતી ગુજરાત રાજ્ય દ્વારા પ્રકાશિત રિપોર્ટ 36th survey report on estimate of major livestock products for the year 2018-19 માંથી મેળવવામાં આવી છે. વર્ષ 2009-10માં દુધ ઉત્પાદન 8,843 ટનનું થતું હતું.જે 2018-19માં વધીને 14,492 ટન જેટલું થયું હતું.આ 10 વર્ષના સમયમાં દૂધના ઉત્પાદનમાં 5,649 ટન જેટલો વધારો થવા પામ્યો છે. આંકડાઓ જોતાં ખ્યાલ આવે છે દરેક વર્ષમાં દૂધ ઉત્પાદનમાં સતત વધારો થતો જાય છે.

## તારણો

1. ગુજરાત રાજ્યમાં દૂધ ઉત્પાદનમાં સતત વધારો થતો જોવા મળેલ છે.

## સંદર્ભસૂચિ

1. દેસાઇ એસ.એ. અને વાંસિયા વાય.એન.(૨૦૧૫–૧૬).કૃષિ અર્થશાસ્ત્ર–૧. સુરત:પોપ્યુલર પ્રકાશન.
2 ) પરમાર બી.ડી. અને અન્યો. (૨૦૧૨–૧૩). સહકાર–૨. અમદાવાદ:સી.જમનાદાસની કંપની.

3) Manishkumar & Others. (2015). Economic Analysis of milk production in peri-urban dairy farmers of Punjab. Indian Journal of Dairy Science. vol 68(5).

Websites:

1 ) www.amul.com

2 ) www.gcmmf.com

3 ) www.nddb.coop

4 ) https://www.doah.gujarat.gov.in/